# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૪૯ • ૧૫ જૂન ૨૦૨૪ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## ગ્રીષ્મ તાલીમ વર્ગનું સમાપન




સ્કેટિંગ તાલીમ

શ્રી ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનના સહકારથી ૧લી મે થી ૭ જૂન દરમિયાન ત્રણ તબક્કામાં ગ્રીષ્મ તાલીમ વર્ગ યોજાયો, જેમાં ૪૯૫ વિદ્યાર્થિનીઓ અને ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લઇ વિવિધ ૧૫ કૌશલ્યમાં તાલીમ પ્રાપ્ત કરી હતી.

૧૨-૧૨ દિવસ માટેના ત્રણ તાલીમ શિબિરમાં ઉત્તમ દેખાવ કરનાર ૪૦ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી વિશેષ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા, ઉપરાંત તમામ ૭૯૫ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા જીવન ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું.

ઉનાળાની રજાઓમાં સર્જનાત્મક પ્રવૃત્તિના કાર્યક્રમોને ૩૬ દિવસ સુધી આયોજનબદ્ધ રીતે આગળ ધપાવવા માટે સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઈ બોરીચા, શ્રી મંગળસિંહભાઈ પરમાર તથા શ્રી પરેશભાઈ પાઠક એ જહેમત લીધી હતી, તેમજ વિવિધ કૌશલ્યનાં તજજ્ઞોએ નિષ્ઠાથી સેવા પૂરી પાડી બાળકોને વેકેશનના સદઉપયોગ માટે પ્રેર્યા છે, તે માટે સંસ્થા દ્વારા તજજ્ઞોને સમાપન સમારોહમાં પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736




### શ્રી ઉરઆશા ઝવેરી ફાઉન્ડેશનનાં સૌજન્યથી યોજાએલ સર્વાંગી તાલીમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની માહિતી

સ્વ. અરૂણભાઈ ઝવેરી

| તાલીમ કાર્યક્રમનું નામ | ૧ મે થી ૧૨ મે તાલીમાર્થી સંખ્યા | ૧૪ મે થી ૨૫ મે તાલીમાર્થી સંખ્યા | ૨૭ મેથી ૭ જૂન તાલીમાર્થી સંખ્યા | સેવાર્થી તજજ્ઞ સર્વ શ્રી |
|---|---|---|---|---|
| સ્કેટિંગ (સવાર) | 04 | 13 | 10 | રાજુભાઈ મકવાણા |
| સ્કેટિંગ (સાંજ) | 28 | 24 | 12 | અભિષેક ઝીંઝુવાડિયા |
| બ્યુટીપાર્લર | 09 | 12 | 00 | ઈલાબહેન સોલંકી |
| આર્ટ ઍન્ડ ક્રાફ્ટ | 07 | 00 | 00 | પ્રીતિબહેન ભટ્ટ |
| મહેંદી | 34 | 22 | 09 | નૈત્રીબહેન મકવાણા |
| કરાટે | 04 | 00 | 00 | કૌશિકભાઈ વ્યાસ |
| કમ્પ્યુટર | 00 | 04 | 00 | હેતલબહેન ઓઝા |
| ફેશન ડિઝાઈનીંગ | 05 | 00 | 00 | કલ્પેશભાઈ ભડીયાદ્રા |
| ભાષા વ્યાકરણ શિબિર | 65 | 00 | 00 | રક્ષાબહેન દવે |
| ગઝલ લેખન શિબિર | 60 | 00 | 00 | ડૉ.માનસીબહેન ત્રિવેદી |
| રંગોળી તાલીમ | 80 | 00 | 00 | રમેશભાઈ ગોહિલ |
| – | - | - | - | અશોકભાઈ પટેલ |
| બાળ વિકાસ તાલીમ | 04 | 00 | 00 | અંકિતાબહેન ભટ્ટ |
| ડીઝાસ્ટર તાલીમ | 50 | 00 | 00 | હરેશભાઈ ભટ્ટ |
| ગીત રચના શિબિર | 70 | 00 | 00 | જીજ્ઞાબહેન ત્રિવેદી |
| ક્રીડાંગણ તાલીમ | 90 | 90 | 90 | કમલેશભાઈ વેગડ |
| **કુલ તાલીમાર્થીઓ** | 510 | 165 | 121 | =796 |







મહેંદી તાલીમ

બ્યુટીપાર્લર તાલીમ






ક્રાફ્ટ તાલીમ

જોડણી તાલીમ



શિશુવિહાર પ્રાંગણમાં વર્ષ ૧૯૩૯થી સતત ૮૪ વર્ષથી પ્રતિ વર્ષ યોજાતા ગ્રીષ્મ તાલીમ વર્ગનું સમાપન તારીખ ૮ જૂને ભાવનગરના યુવરાજ શ્રી જયવિરરાજ સિહજીના અધ્યક્ષ સ્થાને તેમજ એકસેલ ઈન્ડસ્ટ્રિઝના પૂર્વ જનરલ મેનેજર શ્રી શ્યામભાઈ પાઠક અને શ્રી નાથુભાઈ પ્રજાપતિની વિશેષ ઉપસ્થિતિમાં યોજાએલ. આ પ્રસંગે ગ્રિષ્મ તાલીમ વર્ગના વિદ્યાર્થીઓએ તાલીમ નિદર્શન સાથે પોતાના અનુભવોની આપ-લે કરી હતી. ઉર આશા ઝવેરી ટ્રસ્ટના સહયોગથી ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૪૦ વિદ્યાર્થીઓ અને ૧૫ તજજ્ઞોને પુરસ્કૃત કરવામાં આવેલ.



## સુરાજ્યની યાત્રા સીવણ તાલીમ પ્રાપ્ત બહેનોનું અભિવાદન




શિક્ષણની વિદ્યાપીઠ ‘શિશુવિહાર’ દ્વારા તા.૨૪ મેના સીવણ તાલીમ પ્રાપ્ત ૧૦૦ શ્રમિક મહિલાઓના સન્માન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી શ્રી ડૉ.નાનકભાઈ ભટ્ટે કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તુત કરતા જણાવ્યું કે છેક ૧૯૪૦થી ‘જ્યોતિમંડળ’ નામે (૮૩ વર્ષથી) અવિરત પણે ચાલતી સીવણ તાલીમથી ૧૫,૮૬૫ ભાઈ-બહેનો લાભાન્વિત થયા છે. જરૂરિયાત ધરાવનારા બહેનોને ૯૦૦થી વધુ સીવણ સંચા અપાયા છે, તેમજ પ્લાસ્ટિક મુકત ભારત અભિયાન દરમિયાન બહેનો દ્વારા ૧.૭૫ લાખ કાપડની થેલી તૈયાર કરી છે. આ પ્રસંગે ૧૦૦ જેટલી બહેનોના સ્વાનુભવ આધારિત પુસ્તિકા ‘સીવણ તાલીમ’ નું વિમોચન કરાયું હતું. ૧૪ જેટલી તાલીમાર્થી બહેનો તેમજ વર્ગસંચાલિકા ગુલાબબા ગોહિલનાં સન્માન બાદ શ્રમિક બહેનોએ પોતાનાં પ્રતિભાવ પ્રસ્તુત કર્યા હતા. શિશુવિહારનાં ઉપક્રમે તાલીમબદ્ધ સીવણ કાર્યક્રમને કારણે તેઓ સ્વમાનપૂર્વક આત્મવિશ્વાસથી આજીવિકા પ્રાપ્ત કરી રહયાં છે. પરિવારના સભ્યોને શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધા આપવામાં સહાયક સિદ્ધ થયા છે. કોરોના સમયે પણ તેમની રોજગારી અકબંધ રહી શકી હતી. સીવણ પ્રવૃત્તિએ કોમી ઐકયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

આ પ્રસંગે આ પ્રવૃત્તિના પ્રણેતા સ્વ.લીલીબહેન દવેનાં સુપુત્ર આઈ.પી.સી.એલ. વડોદરાના નિવૃત્ત ચીફ એન્જિનીયર રાજુભાઈ દવેએ શિશુવિહાર સાથેના પોતાના સંસ્મરણો રજૂ કરીને પ્રસન્નતા વ્યકત કરી હતી. સામાજિક ઉદ્યોગપતિ આરિફભાઈ કાલવાએ પ્રાસંગિક વકતવ્યમાં



જણાવ્યું હતું કે, શિશુવિહાર સંસ્થા પારસમણિ જેવી છે. એમણે લાભાર્થીઓને આ પ્રવૃત્તિનાં સુફળ બીજા લોકો સુધી વિસ્તરિત કરવાની અભિલાષા દર્શાવી હતી. લોકભારતીના પૂર્વનિયામક પ્રવીણભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, લોકમાન્ય તિલકના ઘોષણાપત્ર ''સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે'' ને ચરિતાર્થ કરવા, શિક્ષણ અને સ્વાવલંબન દ્વારા સ્વસ્થ-શાણા સમાજની રચના માટે સંસ્થા કટિબદ્ધ છે. સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ દવેએ આ કાર્યક્રમની સફળતા પાછળ રહેલા કુદરતના પ્રસાદ અને તાલીમાર્થીઓના પુરુષાર્થના સમન્વય અંગે સંતોષની લાગણી દર્શાવી હતી. સાથોસાથ તાલીમનું કૌશલ્ય બીજા ઉત્સુક લોકો સુધી વિતરીત કરવા અપીલ કરી હતી. સંમેલનનાં સમાપને ગુલાબબા ગોહિલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.માનસીબહેન ત્રિવેદીએ કર્યુ હતું.

(અહેવાલ: પ્રા.પ્રવિણભાઈ ઠક્કર)

## બુધસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુકત ઉપક્રમે ગઝલ લેખન શિબિર સંપન્ન






શિશુવિહાર બુધસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુકત ઉપક્રમે ભાવનગર અને ભાવનગર બહારના ૬૨ શિબિરાર્થીઓએ તા.૨૫ અને ૨૬ દરમિયાન ગઝલનું પ્રશિક્ષણ લીધું. આ શિબિરના ઉદ્દઘાટનના સત્રમાં ભાવનગરના જાણીતા કવિ શ્રી ડૉ.વિનોદ જોશી, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદી, ડૉ.નલિન પંડિત, ડૉ.નાનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહયાં. અને શિબિરાર્થીઓને માર્ગદર્શન આપ્યું. બે દિવસીય શિબિરમાં તજજ્ઞ તરીકે શ્રી ડૉ.સુલતાન અહમદ, ડૉ.રવીન્દ્ર પારેખ અને ડૉ. શકીલ કાદરીએ શિબિરાર્થીઓને ગઝલના છંદો, ગુજરાતી ગઝલનું સ્વરૂપ અને વિકાસ, ઉર્દુ ગઝલ પરંપરા વગેરે વિષયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. શિશુવિહાર પરીસરમાં યોજાએલ શિબિર સફળ બનાવવા માટે સંયોજક શ્રી હીનાબહેન ભટ્ટ, પ્રા.હિમલ પંડયા અને શ્રી વર્ષા જાનીએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.માનસી ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું.

## કવિતાકક્ષના ઉપક્રમે 'ભાષામાં વ્યાકરણશિસ્ત' શીર્ષકથી બે દિવસની કાર્યશાળા યોજાઇ.

ભાવનગર ખાતે શિશુવિહાર બુધસભા અને કવિતાકક્ષના ઉપક્રમે વ્યાકરણજાગૃતિના ઉદ્દેશથી 'ભાષામાં વ્યાકરણશિસ્ત' વિષયે બે દિવસની કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલું હતું.

કાર્યશાળાના પ્રથમ દિવસે જાણીતાં ભાષાવિદ ડૉ.રક્ષાબહેન દવેએ કક્કાના વૈજ્ઞાનિક ક્રમની વિસ્તૃત સમજૂતી સાથે, ઉદાહરણો સાથે અનુસ્વારની ઉપયોગિતા વિશે વકતવ્ય આપેલ. જાણીતા વ્યાકરણ શિક્ષક



શ્રી ઉમાશંકર રાજ્યગુરુએ પણ ઉદાહરણો દ્વારા હ્રસ્વ-દીર્ઘના ઉચિત ઉપયોગ તેમ જ ક્રિયાપદો વિશે રજૂઆત કરી હતી.

કાર્યશાળાના બીજા દિવસે ભાષાતજ્જ્ઞ અને પ્રૂફરીડર શ્રી જિતુ ત્રિવેદીએ જોડણીના અભ્યાસ અને પ્રૂફરીડિંગ બાબતે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડેલ. અંતિમ સત્રમાં 'વ્યાકરણ વર્ગખંડ' શીર્ષક હેઠળ શિબિરાર્થીઓ પાસે સ્વાધ્યાયકાર્ય કરાવવામાં આવેલ, જેમાં પણ જોડણી અને પ્રૂફરીડીંગનાં મહત્વનાં પાસાંઓને આવરી લેવામાં આવ્યા હતાં.

તા. ૧૧ અને ૧૨ એ બુધસભા પ્રાંગણમાં યોજાએલ કાર્યશાળામાં ભાવનગર અને અન્ય શહેરોના ૫૫ જેટલા જિજ્ઞાસુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. આ નવતર આયોજનને પાર પાડવામાં બુધસભાની સંયોજન સમિતિના સભ્ય પ્રા.હિમલ પંડ્યા, ડૉ.માનસી ત્રિવેદીએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## જીવન શિક્ષણ પ્રવૃત્તિ અંતર્ગત ૬૫૭૯ વિદ્યાર્થીઓ તાલીમબદ્ધ થયા



બાળકોને પોતાનું સ્વતંત્ર અને આગવું વ્યક્તિત્વ છે. બાળકને બધું જ પોતાની જાતે કરવું છે જાતે કામ કરીને બાળક પોતે સ્વાવલંબી છે તે પણ તેને પુરવાર કરવું છે. બાલમંદિર હોય કે શાળા હોય કે પછી બાળકના પાલક હોય. પરંતુ સહુની ફરજ છે કે તેણે બાળકને પૂરતી સ્વતંત્રતા આપવી. બાળકને સતત પ્રવૃત્તિ કરવાનું ગમે છે.પ્રવૃત્તિ દ્વારા બાળકની બુદ્ધિ શક્તિનો વિકાસ થાય છે. એટલું જ નહિ પરંતુ તેના વડે હૃદયનો પણ વિકાસ થાય છે. આ હૃદયનું શિક્ષણ જ બાળકને માનવ બનાવે છે.

આજના નાના પરિવારમાં માતા-પિતા પોતાનાં બાળક માટે સદાય તત્પર રહેતા હોય છે. બજારમાં ઉપલબ્ધ મોંઘાદાટ રમકડાં કે વસ્તુઓ ખરીદીને પોતાનાં બાળકને આપતા હોય છે, પરંતુ આવું કરવાને બદલે માતા-પિતા જાતે જ કંઈક બનાવતા શીખે તો વધુ નક્કર પરિણામ મળશે. બાળકને પણ પોતાના માતા-પિતા કંઈ શીખવાડે તે બહુ ગમે છે. બાળકોનું મન અને બુદ્ધિનું એકીકરણ સધાય છે. ઝડપથી ગ્રાહ્ય બને છે.

વિવિધ કૌશલ્યના વિકાસ માટે શિશુવિહાર સંસ્થામાં અવૈધિક તાલીમ અંતર્ગત જીવન શિક્ષણ તાલીમ અંતર્ગત જીવન કૌશલ્ય, કલાત્મક ગૃહકાર્ય, હસ્ત કૌશલ્ય, પેપર ક્રાફ્ટ, સર્જનાત્મકતા, ગૃહકાર્ય જેવી પ્રવૃત્તિમાં વર્ષ ૨૦૧૮ થી શરૂ થયેલ ૨૦૦ દિવસીય તાલીમ દ્વારા ૬૫૭૯ વિદ્યાર્થી તાલીમબદ્ધ થયા. જે નોંધનીય બને છે.

### વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૪ દરમિયાન વિદ્યાર્થીઓની અપાયેલ તાલીમ

| ક્રમ | તાલીમ વિષય | તાલીમાર્થી સંખ્યા | લાભાર્થી બાળકો |
|---|---|---|---|
| 1 | જીવન કૌશલ્ય | 29 | 720 |
| 2 | કલાત્મક ગૃહકાર્ય | 48 | 1560 |
| 3 | હસ્ત કૌશલ્ય | 35 | 1113 |
| 4 | પેપર ક્રાફ્ટ | 52 | 1673 |
| 5 | સર્જનાત્મકતા | 24 | 883 |
| 6 | ગૃહકાર્ય | 12 | 630 |
| | કુલ | 200 | 6579 |

તાલીમ શિક્ષક: શ્રી પ્રિતીબહેન ભટ્ટ

### શ્રી હીરાબહેન માનભાઇ ભટ્ટ તથા અંજનસ્મૃતિ હસ્તકૌશલ્ય કાર્યશાળા ત્રિ-દિવસીય રંગોળી વર્કશોપ



તાલીમાર્થી



ચિરોડીની રંગોળી





ફુલની રંગોળી

કાપડની રંગોળી

શિશુવિહારના સ્થાપક સભ્ય અને પોતાની ૯૮ વર્ષના આયુષ્ય સુધી સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ શ્રી હીરાબહેન ભટ્ટની પૂણ્યસ્મૃતિમાં સતત ૧૩માં વર્ષે તા.૩૧ મે થી તા. ૨ જૂન દરમ્યાન ત્રિદિવસીય રંગોળી વર્કશોપ યોજાયો. વૃક્ષનાં પાંદડાંની રંગોળી માટે જાણીતા શ્રી હીરાબહેનની સ્મૃતિમાં યોજાએલ કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૭ વિદ્યાર્થીઓને જરૂરી મટીરીયલ આપવામાં આવ્યું હતું. ચિરોડી, કાપડ, રંગ, ફૂલ-પાન જેવા માધ્યમોથી રંગોળી બનાવવાની તાલીમ ભાવનગર કલાસંઘના સંવાહક ડૉ.અશોકભાઈ પટેલ તથા રમેશ ગોહિલ દ્વારા થયું

## આરોગ્ય

## ૪૮૪ તથા ૪૮૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞઃ





• શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૪૫ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઈ. સ્વ.શ્રી જીવીબાની સ્મૃતિમાં ૪૮૬મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શ્રી સુનિલભાઈ વડોદરીયા પરિવારની ઉપસ્થિતિમાં શિશુવિહાર સંસ્થામાં યોજાયો, તેમજ શ્રી શુભાંગી ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી શ્રી સુનિલભાઈ પારેખ પરિવારની ઉપસ્થિતિમાં ૪૮૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૪ મે ના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૪૫ દર્દીઓની આંખ તપાસ







ડૉ.હિરવા બહેન પટેલની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૧૪ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે સાથોસાથ દર્દીઓના ૧૧ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા. 'દર્દી દેવોભવંની' ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઈ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વીરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઈ વેગડ અને બુધાભાઈની સેવા નોંધનીય રહી હતી.

**સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા**

## નિરમા લિમિટેડના સૌજન્યથી બાળકોને પોષક આહાર

• મે માસમાં ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની ૧૦ આંગણવાડીનાં કુપોષિત બાળકોને ચાર તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૪૦,૨૪૮ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૧૫૬ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે.

**સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :

• મે માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીની સંખ્યા ૪૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર કબડ્ડી, ક્રિકેટ પ્રકારે સામુહિક રમત રમાડવામાં આવી હતી. સાયં પ્રાર્થના સમયે આર્યન પઠાણ, હેમાંગ ચૌહાણ, કુલદીપ મકવાણાનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. સંસ્થાના કાર્યકર શ્રી ગુલાબબા ગોહિલ તેમજ શ્રી



સૃષ્ટિબહેન સોલંકીનાં જન્મદિવસ નિમિત્તે તેમજ સ્વ.ધનંજયભાઈ ત્રિવેદીની સ્મૃતિમાં (હસ્તે શ્રી ચિરાગભાઈ) અને સ્વ. પુનીબહેન બાંભણીયાનાં સ્મરણાર્થે (હસ્તે શ્રી ઈલાબહેન) તેમજ સ્વ.ગીરીશભાઈ આદિત્યરામ ત્રિવેદી અને સ્વ.હિમાંશુભાઈ ઘનશ્યામભાઈ ત્રિવેદીની સ્મૃતિમાં (હસ્તે શ્રી વનિતાબહેન)તરફથી સ્કાઉટના વિદ્યાર્થીઓને વિશેષ નાસ્તો આપવામાં આવેલ.




ધોરણ ૧૦ તેમજ ધોરણ ૧૨ની પરીક્ષામાં ક્રીડાંગણના તાલીમાર્થીઓના સરાહનીય દેખાવ માટે અભિનંદન.

•ધોરણ ૧૦: (૧) વૈભવ મકવાણા- ૭૮.૪૧% (૨) મોહિત સોલંકી- ૭૮.૧૪% (૩) માનવ ડાભી- ૩૮.૪૨% (૪) અમન મીયાં - ૪૪.૮%

•ધોરણ ૧૨: (૧) યશ પરમાર - ૭૯.૭૨% (૨) દેવ ડાભી - ૩૫.૮૧%



•પ્રતિ વર્ષ ક્રિડાંગણ તાલીમાર્થીઓ માટે યોજાતી વિશેષ તાલીમમાં વિદ્યાર્થીઓને ૧ મે થી ૩૧ મે દરમિયાન ૬ વિશિષ્ટ કૌશલ્ય તાલીમ આપવામાં આવેલ.જેમાં ૪૫ સ્કાઉટ વિદ્યાર્થીઓએ ૩૬૫ દિવસ માટે તાલીમબદ્ધ કરાયા હતા.

## ક્રીડાંગણના નિયમિત તાલીમાર્થીઓ માટે જીવન શિક્ષણ

| ક્રમ | તાલીમ કાર્યક્રમનું નામ | તાલીમ તારીખ | સેવાર્થી તજજ્ઞશ્રી |
|---|---|---|---|
| 1 | ક્રાફ્ટ તાલીમ | ૧ થી ૭ મે | શ્રી પ્રીતિબહેન ભટ્ટ |
| 2 | પુસ્તકાલય તાલીમ | ૮ થી ૧૪ મે | શ્રી મંગળસિંહભાઈ પરમાર |
| 3 | કબડ્ડી તાલીમ | ૧૫ થી ૨૧ મે | શ્રી રામભાઈ/ચિરાગભાઈ |
| 4 | સ્કાઉટ કેમ્પ | ૨૨ થી ૩૧ મે | શ્રી કમલેશભાઈ વેગડ |
| 5 | ક્રિકેટ ટુર્નામેન્ટ | ૧ જૂન થી ૭ જૂન | શ્રી અભિષેકભાઈ જિંજુવાડીયા |
| 6 | પાથ ફાઈન્ડર વર્ક | ૧ મે થી ૩૧ મે | શ્રી જયપાલભાઈ/ગૌતમભાઈ |

### : સાભાર સ્વીકાર :

• શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટનાં પરિવારજનો પણ સંસ્થાની પ્રવૃત્તિમાં પુરતો સમય આપવા સાથે આર્થિક અનુદાન પણ કરે છે. મે માસ સુધીમાં સંસ્થાનાં સહમંત્રી શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ દ્વારા મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિમાં રૂ.૨,૩૭,૯૪૫ નો તેમજ સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી હરેશભાઈ માનભાઈ ભટ્ટ દ્વારા ડિઝાસ્ટર તાલીમ કાર્યમાં રૂ.૨૩,૨૦૦૦ અનુદાન પેટે મળ્યા છે. સંસ્થા સ્થાપક પરિવારની ઘસાઈને ઉજળા થવાના આચરણથી સુવાસિત થતી રહે છે.

• શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટના પરિવારજનો પણ સંસ્થાની પ્રવૃત્તિમાં પૂરતો સમય આપે છે. ઉપરાંત જરૂરીયાતમંદ બહેનોને ઘરે બેસી રોજગારી આપવા વિવિધ પર્સ, હેન્ડ બેગ, બોટલ કવર, પીલો કવર, ટેબલ મેટ, ફ્રીઝ બેલી વગેરે દાતાઓએ આપેલા કાપડમાંથી ઈન્દાબહેન ભટ્ટના માર્ગદર્શન નીચે બહેનો તૈયાર કરે છે. આ નમુના નું વેચાણ કર્યા બાદ જે રકમ વધે છે તે સંસ્થાનાં મહિલા ઉત્કર્ષમાં જમા કરાવાય છે. છેલ્લા ૧૦ વર્ષમાં બહેનોએ કરેલા કામમાંથી રૂ. ૨,૩૭,૯૪૫ ની રકમ સંસ્થામાં મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ માટે મળી છે. સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી હરેશભાઈ માનભાઈ ભટ્ટ દ્વારા ડીઝાસ્ટર તાલીમ કાર્યમાં મળેલા રૂ. ૨૩,૪૦૦ અનુદાન પેટે મળ્યાં છે. સંસ્થા સ્થાપક પરિવારની ઘસાઈને ઉજળા થવાના આચરણથી સુવાસિત થતી રહે છે.

## ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ મે માસમાં ૪૧૬ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૨ ભાઈઓ તથા ૧ બહેન જોડાયા હતા.

સંચાલક : ડૉ.ભાવિકાબહેન હરિયાણી

## વયસ્કો માટે ૩૫૧ મી દ્રષ્ટિચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી મે માસમાં ૨ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૨૫ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૨૧ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલકઃ શ્રી રાજુભાઈ મકવાણા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

એપ્રિલ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૧૭ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦થી૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૧૨૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

## હોમિયોપેથીક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હોમિયોપેથીક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦થી૬:૦૦ નિઃશુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથીક કેન્દ્રનો લાભ મે માસ દરમિયાન ૨૪૩ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. મે માસમાં ક્રમાંક ૨૦૦ થી ૨૦૬મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને બોલપેનમાંથી સ્ક્રબર, પેન્સિલ બોક્સ, સ્પિનર ગેમ, ગિફ્ટ બોક્સ, ગિફ્ટ કવર, પૂઠામાંથી લૂડોગેમ,ફિંગર પપેટસ તેમજ ઓરોગામી પેન્સિલ ટોપર શીખડાવવામાં આવ્યું હતું. જેમાં ૨૯૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

મે માસમાં ૧૨૦ વાચક સભ્યોએ ૧૭૦ પુસ્તકો વાચ્યાં હતાં. ‘દાનનો મહિમા’,‘આધ્યાત્મિક મહિમા’(પ્રીતેશ ચૌહાણ), ‘કર્મનો નિયમ ૨૦૦ પુસ્તકો’ (સુરેશભાઈ ભટ્ટ),‘આવો રમત રમીએ’,‘નિઃશેષ સર્મપણની યાત્રા’ (નાનકભાઈ ભટ્ટ) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વનઃ

મે માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત ‘નૉલેજ પાર્ક’માં કુલ ૧૮૫૯ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. શ્રી મહિલા સેવા સમાજ ૪૦ બાળકો, એગ્રોસેલ તરૂણ વિકાસ શિબિરના ૬૫ બહેનો આમ કુલ ૧૦૫ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી‘બાળ આરોગ્ય સૂત્ર’પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. મે માસ દરમિયાન ૬૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,50,000.00 | શ્રી મુકેશભાઇ મહેન્દ્રપ્રસાદ ઓઝા | શૈક્ષણિક સહાય |
| 1,50,000.00 | શ્રી વિરલભાઇ સી.વોરા | શૈક્ષણિક સહાય |
| 1,16,000.00 | શ્રી ચિત્રકૂટધામ ટ્રસ્ટ | નાગરિક સન્માન સહાય |
| 50,000.00 | શ્રી ભાવનાબહેન જાગ્રતભાઇ ભટ્ટ | બાળશિક્ષણ સહાય |
| 50,000.00 | શ્રી ઉલ્લાસિનીબહેન કે.જાની | બાળશિક્ષણ સહાય |
| 25,000.00 | શ્રી મિહિરભાઇ રતીલાલ જોષી | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| 25,000.00 | શ્રી જયદેવભાઇ દીપકભાઇ ઉનડકટ | સર્વાંગી સહાય |
| 20,000.00 | શ્રી ઓમ શાંતિ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શ્રી ઉર્મિલાબહેન અશ્વિનભાઇ ભટ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શ્રી શુભાંગી ચેરીટેબલ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ સહાય |
| 15,000.00 | શ્રી ઇન્દાબહેન ભટ્ટ | મહિલા ઉત્કર્ષ સહાય |
| 6,000.00 | શ્રી નિરવભાઇ શાહ | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કે.શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી પ્રિયવંદનાબહેન અરૂણકાંત દોશી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી ભાનુબહેન જે. દોશી | કન્યા-કેળવણી સહાય |



### બુધસભાઃ

બુધસભાની ૨૨૮૫ મી બેઠક ગુજરાત સ્થાપના દિન તા.૧ મે ના રોજ યોજાઇ. સંચાલક શ્રી છાયા પારેખે બેઠકનો પ્રારંભ કવિ શ્રી વિનોદ જોશીની કવિતા ‘હું એવો ગુજરાતી’ ના પઠનથી કર્યો. ડૉ. જીતુભાઇ વાઢેરે કવિશ્રી બાલમુકુંદ દવેની કવિતાનો આસ્વાદ કરાવ્યો. કવિશ્રી બાલમુકુંદ દવેનું સોનેટ ‘જૂનું ઘર ખાલી કરતા’ ના પઠન બાદ કવિતાની પૂર્વભૂમિકા, કવિ પરિચય સાથે કવિતાના અંગ્રેજી અનુવાદનો પણ ઉલ્લેખ કર્યો. ઉપસ્થિત ૨૮ મિત્રોએ મંદાક્રાંતા છંદમાં રચાયેલ આ સોનેટનું સમુહગાન પણ કર્યુ હતુ. બુધસભાની ૨૨૮૬મી બેઠક શ્રી વર્ષાબહેન જાનીનાં સંચાલનમાં મળી. શાયર શ્રી નાઝિર દેખૈયાનાં જીવન અને કવન વિશે શ્રી ઉદય મારુએ અભ્યાસપૂર્ણ રજૂઆત કરી. આદરણીય ડૉ.નટુભાઇ પંડ્યાના હસ્તે વક્તા શ્રી ઉદયભાઇ મારુનું અભિવાદન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગૌતમ લોજના આયોજક શ્રી સુરેશભાઇ ભટ્ટ દ્વારા કર્મનો નિયમ પુસ્તિકા ઉપસ્થિત ૩૨ કવિઓને આપવામાં આવી હતી. બુધસભાની ૨૨૮૭મી બેઠક ડૉ.માનસી ત્રિવેદીના



સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ભાવનગરના જાણીતા કવિશ્રી ડૉ.વિનોદ જોશી એ પોતાના સર્જન અને અનુભવ વિશે પ્રશ્નોના જવાબ આપી કરી હતી. આ દિવસે કવિયત્રી પરિમલાબહેન રાવલનું સન્માન કરવામાં આવ્યું. તેમજ તેઓશ્રીની રચનાઓનું પઠન કરવામાં આવ્યું હતું. ૪૫ ભાવકો અને સાહિત્યપ્રેમીઓ આજની બુધસભામાં હાજર રહયાં હતા. બુધસભાની ૨૨૮૮મી બેઠક ‘અવસર અભિવ્યકિત’ સંદર્ભે યોજાઇ. જેમાં ૨૫ જેટલાં કવિઓની ઉપસ્થિતિ રહી હતી. બુધસભાની બેઠકનું સંચાલન શ્રી પરેશભાઇ ત્રિવેદીએ કર્યુ હતું. મહિનાના પાંચમાં બુધવારે મુશાયરો યોજવામાં આવ્યો. જેનું સંચાલન પ્રા. હિમલ પંડયા હતા. બુધસભાનાં જ ભૂતપૂર્વ કવિઓને યાદ કરીને એમને એમની જ કવિતાઓથી સાંપ્રત કવિઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ ઉપક્રમમાં દિવંગત કવિઓ પરાજિત ડાભી, અરુણ દેશાણી, રાહી ઓધારિયા, પ્રફુલ્લા વોરા અને દિલહર સંઘવીની કવિતાઓથી નવી પેઢીના કવિઓને અવગત કરાવવામાં આવ્યા. સંચાલકશ્રીએ દિવંગત કવિઓ સાથેના બુધસભાના અનુભવો અને પ્રસંગોને વાગોળ્યા હતા.

બે દિવસ પહેલા જ અંતિમ શ્વાસ લેનાર વરિષ્ઠ કવયિત્રી પરિમલાબહેન રાવલને પૂષ્પાંજલી અર્પણ કરીને એમની એક રચનાનું પઠન દર્શનાબહેન રાવલ દ્વારા કરવામાં આવ્યુ. આ પ્રસંગે ઉપસ્થિત ૬૨ કવિ-કવયિત્રીઓને કવિ શ્રી વિનોદ જોશીએ બિરદાવ્યા હતા. તથા શબ્દસ્થ કવિઓ સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

- ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તેમજ બી.એસ.ઇવેન્ટ ભાવનગરના સંયુકત ઉપક્રમે આપણા ગુજરાતી ગીતોની વિસરાઇ જતી યાદોને ‘ગુજરાત ગૌરવ દિન’ પ્રસંગે યાદ કરવાનો અવસર પ્રાપ્ત થયો. તારીખ ૧ મે બુધવારે સંસ્થાનાં વાનાણીહોલમાં યોજાએલ કાર્યક્રમમાં ગુજરાતી ગૌરવંતા ગીતો, વીર અને શૌર્ય ગાથાના ગીતો, ભકિત અને આનંદ પ્રમોદના ગીતો માણવા ૨૫૦ થી વધુ કલા રસીકો પધાર્યા હતા.
- કંકાવટી ગૃપની ૪૦૦ થી વધુ બહેનોએ આનંદ સાથે કંકાવટી ગૃપનું બીજું પ્રારંભ વર્ષ ઉજવ્યું હતું. તારીખ ૧ મે ને બુધવારના રોજ શિશુવિહાર રંગમંચ ખાતે યોજાઇ ગએલ કાર્યક્રમ પ્રસંગે ગિરીશભાઇ શેઠ, મૃદલાબહેન શેઠ, ઝગડદાદા પધાર્યા હતા. શ્યામભાઇ મકવાણા અને ધવલ, અમૂલ પરમારે બહેનોના ગરબા ગાયન વાદ્યથી રસપ્રદ બનાવ્યા હતા.

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

**(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)**

મે માસ દરમયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૫૮ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને ફેબ્રિક પેન્ટિંગની તાલીમ આપવામાં આવી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૬ મે યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી પરેશભાઈ પાઠક

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. મે માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૯ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## સંગીત વર્ગઃ

મે માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૨ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

## દિવ્યજીવનઃ

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ





## સ્વ-રોજગારઃ

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા મે માસમાં કાપડની ૫૦૦ થેલી તૈયાર થતાં રૂ.૨૦૦૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૦૪,૭૮૫ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. મે માસ દરમિયાન ૨ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ



## પ્રચાર-પ્રસાર

વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા નિમંત્રણ છે.

સંચાલક : શ્રી દક્ષાબહેન ગોહેલ

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૧૬૪ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૪ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

મે માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૧૧ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા

### : સાભાર સ્વિકાર :

- શ્રી મિતુલભાઈ દેસાઈ (મુંબઈ) તરફથી થેલી માટે કાપડ પાર્સલ ૧૫ ભેટ મળેલ છે. શ્રી તૃપ્તીબહેન પરીખ (ભાવનગર) તરફથી થેલી માટે કાપડ ભેટ મળેલ છે.સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

• સુર સંગીત મ્યુઝિકલ ગૃપના ઉપક્રમે શ્રી અશોકભાઈ ગોહિલના સંકલન તળે ૧૧ મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ સંસ્થાના રંગમંચ પર યોજાઈ ગયો. કાર્યક્રમને માણવા ૨૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયાં હતા.

• સુરમય સ્ટાર સંગીત કલબના ઉપક્રમે શ્રી વિક્રમભાઈ બોરીચાના સંકલનતળે જુના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૧૧ મે એ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૪૦૦ થી વધુ સંગીતજ્ઞો ઉપસ્થિત રહયા હતા.

• નવરંગ કલા ગૃપના ઉપક્રમે શ્રી નવિનભાઈ નાવડીયાના સંકલનમાં અભિનેતા શમ્મીકપૂરના ફિલ્મીગીતોનો 'કરાઓકે ટ્રેક શો' સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. જૂના હિન્દી ફિલ્મી ગીતોનો આસ્વાદ માણવા ૨૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયાં હતાં.

• શ્રી ખુશમનભાઈ જોષીના સંકલનતળે 'સુર-સંગમ' સંસ્થાના ઉપક્રમે સપ્તસૂરી સંધ્યાનો ૮૨મો હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૧૯ મે એ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. સંગીત સંધ્યાને મ્હાણવા ૨૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.

• શ્રી કેતનભાઈ આવસત્થીની પરિકલ્પના આધારિત ૧૫૮મો હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ 'તેરા સાથ હે તો' ભાગ-૫ ૨૬ મે એ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૫૦ થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.

• ભારત સરકારનાં કૃષિ મંત્રાલયની સેન્ટ્રલ સેકટર સ્કીમ અંતર્ગત ફાર્મર પ્રોડયુસર કંપનીઓ માટે ક્ષમતા વર્ધન કાર્યક્રમ તા.૨૪ મે એ યોજાઈ ગયો. વિવેકાનંદ રીસર્ચ અને ટ્રેઈનીંગ સંસ્થાના ઉપક્રમે શિશુવિહાર પ્રાંગણમાં યોજાએલ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી શ્રી ગુણવંતસિંહ સોલંકી, પૂર્વ ગૃહ રાજ્ય મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, પૂર્વ કુલપતિ ડૉ.વિદ્યુતભાઈ જોષીએ ઉપસ્થિત રહી ખેડૂતોને કૃષિમાં મૂલ્ય વર્ધન કરી આવકમાં વૃદ્ધિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ૩૦૦થી વધુ ખેડૂતો માટેના ભોજન સાથેના એક દિવસીય સેમિનારનું સંકલન શ્રી કિશોરસિહ ગોહિલ તથા શ્રી નરેન્દ્રસિંહ ઝાલા એ કર્યુ હતું.

• રાહત નિયામક શ્રીની કચેરી ગુજરાત રાજ્ય મહેસુલ વિભાગ તથા ભાવનગર મહાનગરપાલિકાનાં સંયુકત ઉપક્રમે શહેર બાર કાઉન્સિલ, શહેર એલ.આઈ.સી. એજંટો તથા આપત્તિ નિવારણ વિષયમાં રસ ધરાવતાં સરકારી એજન્સીના કર્મચારીઓ માટે એક દિવસીય તાલીમ યોજાએલ. ભોજન સાથેના કાર્યક્રમમાં ૧૨૦ થી વધુ અધિકારીઓ જોડાયા હતા.



## શુભેચ્છકો લખે છે

### • શ્રી યશવંતભાઈ મહેતા (સંપાદક નવચેતન-અમદાવાદ)

બાળશિક્ષણ,સાહિત્ય અને સેવા ક્ષેત્રે શિશુવિહારની એક નિષ્ઠ સેવા સમગ્ર ગુજરાતમાં જાણીતા છે. જેની નોંધ સમયાંતરે નવચેતનમાં લેતા આનંદ અનુભવાય છે. વાચકોનો પ્રતિસાદ પણ ઉત્સાહ વર્ધક રહે છે. અભિનંદન.

### • યજ્ઞેશ વ્યાસ (અમદાવાદ)

ઈ.સ.૧૭૨૩ની અખાત્રીજે સ્થપાયેલ ભાવનગર આજે ૩૦૧ વર્ષનું થશે. ભાવસિંહજીએ સ્થાપેલ આ નગરને તેમના રાજવંશ નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ત્યાગ, સંસ્કાર, શિક્ષણ, સેવા, કલા અને સાહિત્યના અનેક ગુણોની રંગપૂરણીથી એવું સજજ કર્યુ છે કે આ નગર કૃષ્ણકુમારસિંહજીના નગર તરીકે દેશભરમાં ખ્યાતિ ધરાવે છે. આજે ભાવનગરનાં અવતરણ નિમિત્તે એક પ્રસંગને યાદ કરીને એ બે વિભૂતિઓના ઓવરણા લેવા છે. શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટ અને સર કૃષ્ણકુમારસિંહજી વચ્ચેનો એક પ્રસંગ બહુ ઓછો પ્રસિદ્ધિ પામ્યો છે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ભાવનગરના મોતીબાગ ટાઉનહોલમાં બેસતાં વર્ષે નાગરિકોનું સ્નેહમિલન વરસોથી સવારના ૮:૦૦ થી ૮:૩૦ ના યોજાતું રહયું છે. અહીં શહેરના શ્રેષ્ઠીઓ અને રાજકીય આગેવાનો આવે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે થાય. ટાઉનહોલની બહાર એક વ્યકિત ખાદીનો સફેદ સદરો અને સફેદ ચડ્ડી પહેરીને ઉભા હોય, તેમના ગળામાં 'આપો તો લઉ' અને ચક્ષુદાન અને દેહદાન એ જ મહાદાન એવું કાપડ ઉપર આગળ પાછળ લખેલું બંડી જેવું પહેરણ નાખેલું હોય. ઝભ્ભાની પીઠની બાજુ ''ઈશ્વર અલ્લાહ તેરો નામ સબ કો સન્મતિ દે ભગવાન'' લખાણ હોય. સાયકલ પર સવારી આજીવન ચાલી. માનભાઈ ભટ્ટ નામની આ વ્યકિત સ્વયં એક સંસ્થા બનીને આ જ લિબાસમાં જીવી ગયા અને પાછળ સેવાનો શમિયાણો બાંધીને ગયા. એક સમયના જાણીતા લેખિકા સ્વ. મીરાંબહેન ભટ્ટે શિશુવિહાર સંસ્થાના સ્થાપક માનભાઈ ભટ્ટ વિશે 'હાથે લોઢું હૈયે મીણ' એક પુસ્તક લખ્યું. ૬ ફૂટથી વધુની ઊંચાઈ સાથેનું પડછંદ કસાયેલું ખડતલ શરીર, અંગ્રેજો સામે સ્વતંત્રતાની ચળવળમાં પણ માનભાઈ સક્રિય. તેઓ બોમ્બ બનાવતા અને દ્રઢપણે

માનતા કે અંગ્રેજોને તેમની જ ભાષામાં જવાબ આપવો જોઇએ. ભાવનગર રાજ્યના દીવાન પ્રભાશંકર પટ્ટણીના છૂપાં સમર્થનના કારણે તેમને જેલમાં જવાનો વારો નહોતો આવ્યો.

માનભાઇએ ૧૯૩૯માં શિશુવિહારની સ્થાપના કરેલી. તેમના ઘર પાસે જમનાકુંડ સુધીની જમીન ખાડાટેકરા વાળી હતી. માનભાઇએ તેને સમતલ બનાવીને તેના પર હીંચકો નાખ્યો અને આ રીતે વિધિવત્ શિશુવિહારનો પાયો નખાયો. આ જમીન માટે કાયદેસર કોઇ કાર્યવાહી કરી નહોતી! આથી સુધરાઇએ જમીન ખાલી કરવા તેમને નોટિસ આપી. માનભાઇએ ખુમારીથી જવાબ લખ્યો કે ''બાળકોને તાલીમ આપવાનું તમારું કામ અમે કરીએ છીએ પણ એવું જ હોય તો આ જમીન તમે રાખી લો'' આ વાત પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી પાસે પહોંચી. માનભાઇને નીલમબાગ પેલેમાં બોલાવ્યા. મક્કમ મનના માનભાઇએ મહારાજા સામે નિર્ભીકપણે પોતાની વાત મૂકી. મહારાજા પોતે સ્થળ પર જોવા આવ્યા. બધી પ્રવૃત્તિ જોયા પછી તેમને આનંદ થયો. ત્યાં તેમણે ટૂંકા પ્રવચનમાં પ્રવૃત્તિને વખાણીને અહીં જ ''ભાવનગર રાજ્ય આ જમીન શિશુવિહારને દાનમાં આપે છે.'' તેવી જાહેરાત કરી.

પરંતુ સ્વતંત્રતા પછી પણ શરું થયેલા રાજકારણના ખેલમાં એવું બહાર લવાયું કે જમીન હજુ સંસ્થાના નામે ચડી નહોતી પોતાના રાજ્યનું દાન કરનાર કૃષ્ણકુમારસિંહજીના વચનનું માન ભાવનગરના નવા તંત્રએ ના રાખ્યું! મહારાજાને આ ખબર પડી એટલે તેમણે મુખ્યપ્રધાનને પત્ર લખવો પડયો અને આખરે એ જમીન શિશુવિહારના નામે ચડી.

સ્વતંત્રતા પછી રાજકારણીઓએ ગાંધી વિચારોને પડતા મૂકેલા જોઇને માનભાઇએ રાજકારણમાં ક્યારેય નહી જોડાવા અને કોઇ રાજકારણીને ઘરમાં ઘૂસવા ન દેવા નિશ્ચય કર્યો. આથી શિશુવિહારના નાના એવા ઘરની બહાર કાયમના માટે પાટિયું મારી દીધેલું કે **રાજકારણીઓએ અહીં આવવું નહીં!**

આસપાસના વિસ્તારમાંથી ત્યાં રમવા આવતા ગરીબ બાળકોના નખ વધેલા લાગે તો માનભાઇ કાપી આપે. તેમણે શરું કરેલી શિક્ષણ ઉપરાંત રક્તદાન, ચક્ષુદાન અને દેહદાન જેવી પ્રવૃત્તિઓ આગળ ધપી રહી છે. શિશુવિહાર સાથે દર વર્ષે ચારેક લાખ લોકો વિવિધ હેતુ-કામોથી જોડાય



છે. લગભગ ૪૮૮ નેત્રયજ્ઞો થયા, જેમાં લાખોની સંખ્યામાં લોકોની આંખ તપાસ અને ૨૦ હજારથી વધુ દર્દીઓને કેટ્રેક સર્જરીની સારવાર મળી છે. બહેનોને પગભર કરતા સીવણ કલાસ ચાલે છે. બાલમંદિર શિક્ષક અને કમ્પ્યુટરના કલાસ ચાલે છે. બાલદેવવનમાં ત્રણ હજાર બાળકો રમી શકે તેવી સગવડ છે.

અહીંના નાગરિકો સહિષ્ણુ છે એટલે આત્મારામભાઇ ભટ્ટ કે માનભાઇ ભટ્ટ જેવા ધરખમ લડાયક મિજાજી વ્યક્તિત્વોની ગેરહાજરીમાં પણ ભાવનગરની અવગણનાને અવગણી પોતાની મસ્તીમાં જીવે છે.

- **ડૉ.માનસીબહેન ત્રિવેદી (શ્રેષ્ઠ શિક્ષક-ગુજરાત રાજ્ય)**

શિશુવિહાર ટીમ સાથે કામ કરતાં ખરેખર આત્મવિશ્વાસ વધે છે. કોઇ પણ સંસ્થામાં નિર્વિધ્ને કોઇ કાર્ય પાર પાડવાનું હોય ત્યારે એ કાર્ય સાથે કેમ કામ લેવું એ આપના પાસેથી શીખવાનું છે. હું ભાગ્યશાળી છું કે શિશુવિહાર જેવી સંસ્થામાં મને સેવા કરવા મળે છે. મારાં માર્ગદર્શક આપશ્રી છો. શ્રેષ્ઠ સંસ્થા કેવી હોય અને તેના સારથી કેવા હોય એ શિશુવિહાર પાસેથી શીખવા મળ્યું છે.

- **અમિતભાઇ ગોહિલ (ભાવનગર)**

શિશુવિહાર સંસ્થા દ્વારા દરદી સાધન સહાય કાર્ય ચાલી રહયું છે. જે અમૂલ્ય સેવા કાર્ય છે. આવી પ્રવૃત્તિથી અનેક જરૂરીયાતમંદને ટેકો મળી રહ્યો છે. તે સારી બાબત છે. તેમજ સંસ્થા દ્વારા સાધનની લેવડ-દેવડમાં પણ ખૂબ સારી રીતે વિના અડચણે કામ થાય છે. જે બિરદાવવાને પાત્ર છે.

- **હર્ષ ચૌહાણ (તાલીમાર્થી-સ્કેઇટીંગ)**

હું ગ્રિષ્મ તાલીમ વર્ગમાં રાજુભાઇ પાસે સ્કેઇટીંગ શિખ્યો.મને શરૂમાં ખૂબ ડર લાગતો હતો, પણ ૧૨ દિવસની તાલીમમાં મને સ્પીડથી ટર્ન લેતા આવડી ગયું છે. મારામાં હિંમત સાથે એક નવી રમત વિકસી છે. તેથી મારા મા-બાપ પણ ખાસ જોવા આવ્યા ને મને શાબાશી આપી.

- **પઠાણ આરઝુ (તાલીમાર્થી- બ્યુટીપાર્લર- ગ્રિષ્મ તાલીમવર્ગ)**

અમારા બ્યુટી પાર્લરના શિક્ષક શ્રી ઇલાબહેને અમને સારી રીતે તાલીમ આપતાં અમે જાતે તૈયાર થતાં અને બીજી બહેનોને પ્રસંગ માટે તૈયાર કરતાં શિખ્યાં છીએ. આ કામથી અમને કલાકનાં ૫૦૦-૭૦૦ રૂપીયા મળે છે. આથી સીઝનમાં કમાણી કરીને પગભર થઇ શકીશું.

- **સોફીયા ભાડુલા (તાલીમાર્થી - મહેંદીવર્ગ)**

પહેલા દિવસે અમને બધાને સાદી મહેંદી શીખવાડી હતી, પછી મહેંદીનો કોન બનાવતા શીખવાડયો હતો. મહેંદી કેવી રીતે બને તે

શીખવાડયું હતું. કમળ, ગુલાબ, કેરી વગેરે બનાવતા શીખવાડયું હતું. મહેંદીના પ્રકાર અને ઝુમર શીખવાડયાં હતાં. હાથમાં મહેંદી પાડતાં શીખવાડી હતી. તાલીમ દરમિયાન અમને અરેબીયન મહેંદી શીખવાડી હતી. દુલ્હન મહેંદી, પાકિસ્તાની મહેંદી, દુલ્હા અને દુલ્હનના ફેસ બનાવવાની પ્રક્રિયા શીખવાડી હતી. મહેંદીના ફોટા પાડી છાપામાં પણ મોકલ્યા હતાં. બ્રાઈડલ મહેંદી શીખવા સાથે કોન કેવી રીતે પકડવો એ શીખવાડયું હતું. મારી સાથે તાલીમ લેનાર ૩૨ બહેનો વતી અમારા શિક્ષક શ્રી નૈત્રીબહેનનો આભાર માનું છું.

**•દેવીન્દ્રાબહેન ભટ્ટ (અધ્યક્ષ નિર્સગ સેવા ટ્રસ્ટ ધાનેરા- મહેસાણા)**

શિશુવિહાર સામયિકનો ૯૪૭ મો અંક મળ્યો. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ તથા તેઓના પરિચયની વિગતો જાણવા મળી. આનંદ થયો. ઝાડની પરખ ફળ દ્વારા મળે છે. તેવી રીતે સંસ્થાની પરખ તેના વિદ્યાર્થીઓ છે. જે વાતની પ્રતીતિ થઈ. સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સરાહનીય અને પ્રેરણાદાયી છે. સંસ્થાના પ્રણેતા, સ્થાપક પૂ. માનભાઈ ભટ્ટ તેમજ કર્મિષ્ઠ આદરણીય નાનકભાઈ ભટ્ટ તથા સેવા વ્રત કાર્યકર વૃંદને વંદન સાથે અભિનંદન.

**•શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતી (માનવ કલ્યાણ ટ્રસ્ટ મણિનગર - અમદાવાદ)**

અમારી સંસ્થા માનવ કલ્યાણ ટ્રસ્ટ છેલ્લા ૩૫ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. જેમાં વિધવા બહેનોને અનાજ આપવું અને સ્કુલનાં વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય. ઠંડીમાં સ્વેટર વિતરણ પ્રાથમિક શાળાના બાળકોને, ઉનાળામાં ચંપલ વિતરણ, પાણી અને છાશના પરબ. આ બધી પ્રવૃત્તિઓ માટે અમને શિશુવિહાર સામયિક પ્રેરણા બળ પુરું પાડે છે. જે આનંદદાયી છે. આ સાથેનો સહયોગ સ્વીકારવા વિનંતી છે.

**• શકીલ કાદરી (ગઝલકાર)**

ગઝલ લેખન શિબિર એકંદરે સરસ રહી. શિશુવિહાર દ્વારા સુંદર વ્યવસ્થા કરાઈ હતી. કોઈ મુશ્કેલી પડી નહી. આયોજન સરસ હતું. બીજા દિવસે સમયનો થોડોક અભાવ રહ્યો. રસોઈ બનાવનાર પિરસનારાઓથી માંડી તમામ સભ્યોએ સરસ રીતે વ્યવસ્થા સંભાળી હતી. શિશુવિહાર અને આયોજનમાં સહભાગી તમામનો આભાર વ્યક્ત કરું છું.

**•શ્રી કમલેશભાઈ પટેલ (બોટાદ)**

આ ગઝલ લેખન શિબિરમાં લગભગ એવું શીખ્યા કે, જેનાથી અમે અજાણ હતાં, ત્રણેય તજજ્ઞોના માર્ગદર્શન હેઠળ તેમજ શિશુવિહાર અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ગઝલ લખવાની જાગૃતિ માટે આવો સુંદર યત્ન થયો. જે અભિવાદનને પાત્ર કહી શકાય. આગામી સમયમાં પણ આવા આયોજનો દ્વારા આપણા સાહિત્ય પરત્વેની ખામીઓ દૂર થાય તેવી



મા શારદાનાં ચરણોમાં પ્રાર્થના.

**• શ્રી જયદીપભાઈ મહેતા (જૂનાગઢ)**

''ધ્રુવ તારા સમી જે ઝળહળે; લાગણીની એક એવી પળ મળે'' અમને તો એક પળના બદલે ૨ દિવસ મળ્યાનો અદકેરો આનંદ! ત્રણેય વિદ્વાનોના ગઝલના છંદના શિક્ષણ બાદ અમારી ગઝલ વધુ નિખરશે એવો વિશ્વાસ છે. સૌથી વધુ આભાર આયોજકોનો જેમણે આટલું સુંદર આયોજન કરીને કલાનગરીનું બિરુદ જીવંત રાખ્યું. ખૂબ ખૂબ આભાર.

**• શ્રી યુવરાજસિંહ ગોહિલ (બોટાદ)**

શિશુવિહાર બુધસભા અને સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાએલી ગઝલ લેખન શિબિરમાં ભાગ લઈ અનેરો આનંદ થયો. તાલીમ દરમિયાન ગઝલની પરંપરા અને છંદોની ઝીણવટભરી માહિતી તજજ્ઞોએ આપી. શિશુવિહાર બુધસભાના સંયોજકો સર્વ શ્રી માનસીબેન, હીમલભાઈનો સહકાર ઉત્સાહવર્ધક રહયો. સફળ આયોજન બદલ આનંદ વ્યક્ત કરું છું અને તક બદલ આભાર વ્યક્ત કરું છું.

**• શ્રી શામળભાઈ ચાવડા (અધ્યક્ષ અનુભૂતિ ટ્રસ્ટ - સાબરકાંઠા)**

અમે શિશુવિહાર સંસ્થામાંથી પ્રેરણા લઈ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં મફત નેત્રનિદાન શિબિરો શરુ કર્યા છે. આદિવાસી વિસ્તારોમાં ખેતી કરનાર માણસો રહે છે. છૂટા-છવાયા રહે છે. તેમને તેમના વિસ્તારમાં સારી સેવાઓ મળે તે માટે સંસ્થા કાર્ય કરે છે. તો આપશ્રીને, સેવાકીય પ્રવૃત્તિમાં રસ ધરાવતાં મિત્રોને જોડાવા વિનંતી છે.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શિવભદ્રસિંહ ગોહીલઃ**

પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમાર સિંહજીના નાના સૂપુત્ર મહારાજા કુમાર શિવભદ્રસિંહજી ગોહિલ (શિવાબાપા)નો સ્વર્ગવાસ થતા ભાવનગરે એક આદર્શ રાજવી પરિવારનાં સદસ્યને ગુમાવ્યા છે. વર્ષ ૧૯૯૬ માં સ્વ.શ્રી માનભાઈ ભટ્ટ નાગરિક સન્માનથી વિભૂષિત, પ્રકૃતિ પ્રેમી, અભ્યાસુ અને જીલ્લા સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિનાં અધ્યક્ષને શિશુવિહાર પરિવાર હૃદયસ્થ શ્રદ્ધાંજલિ પાઠવે છે.

**સ્વ. હિમાંશુભાઈ ભટ્ટ:** શિશુવિહાર સંસ્થાના રાષ્ટ્રપતિ સ્કાઉટ અને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શ્રી હિમાંશુભાઈ ભટ્ટ શિશુવિહાર ક્રીડાંગણના વિદ્યાર્થી રહયાં. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં અધિક્ષક ઈજનેર તરીકે નિવૃત્તિ પર્યંત સેવાવ્રત રહયા. માતા શ્રી નિવૃત્તિપર્યંત સુશીલાબહેન ભટ્ટ ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘમાં ગાઈડ કમિશનર તરીકે સિમાચિહ્ન યોગદાન આપી આગવી છાપ છોડી ગયાં. સેવા અને કૌટુંબિક સંસ્કારથી સજ્જ શ્રી હિમાંશુભાઈ વર્ષ ૧૯૯૦ના દસકામાં રોટરી કલબ ઓફ ભાવનગરનાં પ્રમુખ તરીકે સેવાર્થી રહયાં. શિશુવિહાર ક્રિડાંગણ અને સ્કાઉટ તાલીમના તેજસ્વી વિદ્યાર્થી અને સેવા પરાયણ શ્રી હિમાંશુભાઈના સ્વર્ગવાસથી સંસ્થા પરિવારને એક ઉજ્જવળ વિદ્યાર્થીની ખોટ પડી છે. શિશુવિહાર સ્વર્ગસ્થ આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરે છે.



**સ્વ. પરિમલાબહેન પંડયા:**

શ્રી પરિમલાબહેન પંડયાનાં દુ:ખદ અવસાનથી શિશુવિહાર બુધસભાના સર્વે કવિગણ ઉંડા દુ:ખની લાગણી અનુભવે છે. ''સ્પંદન'' કાવ્ય સંગ્રહના પ્રકાશનથી સાહિત્ય ક્ષેત્રે સિમાચિન્હ પ્રદાન કરનાર શ્રી પરિમલાબહેન સાહિત્ય જગતમાં ઉમદા છાપ વિસ્તારી ગયા છે. ઈશ્વર દિવંગતના આત્માને પરમ શાંતિ અર્પે અને પરિવાર જનોને કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી શિશુવિહાર પરિવારની પ્રાર્થના.

**સ્વ.વિનોદભાઈ પરીખ:**

સ્વાતંત્ર્ય સેનાનીશ્રી જગજીવનદાસ(જગુભાઈ) પરીખના સુપુત્ર વિનોદભાઈ પરીખનો સ્વર્ગવાસ થતા ભાવનગરના જાહેર જીવનમાં મૂલ્યનિષ્ઠ વ્યક્તિની ખોટ પડી છે. જે.એસ.પરીખ એન્ડ કંપનીનાં માધ્યમથી વકીલાતક્ષેત્રે રાજ્યભરમાં સેવા પ્રવૃત્તિમાં વિસ્તાર કરનાર અને શિશુવિહારનાં સ્નેહી માર્ગદર્શક વિનુભાઈનાં આત્માની શાંતિ માટે સંસ્થા પરિવાર ઈશ્વરને પ્રાર્થના કરે છે.





# સ્વરાજ્યની શાળા શિશુવિહાર

## વર્ષ ૧૯૯૯માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ)



**જાન્યુઆરી:** ઈસ્લામી સમાજને ઈદ-મુબારક : માનવતાનાં રક્ષણાર્થે ઈસ્લામ ધર્મનાં સાત સિદ્ધાંત સ્થંભો (૧) પ્રેમ (૨) પવિત્રતા (૩) નમાઝ (૪) જકાત (૫) રોજા (૬) હજ (૭) જેહાદ. પ્રેમ એટલે ખુદા અને તેના રસૂલ પ્રત્યે શ્રદ્ધા. પવિત્રતા એટલે તન મનની શુદ્ધતા. નમાઝ એટલે રોજની પ્રાર્થના. જકાત એટલે પ્રમાણીત આવકમાંથી ગરીબોને યથા-શક્તિ સહાય. રોજા એટલે તન અને મનની શુદ્ધિ માટેનું આચરણ. હજ એટલે પવિત્ર યાત્રા. જેહાદ એટલે મજહબ સામે સંકટ આવે ત્યારે દુષ્ટતા સામે લડત આપવાની નીજી ફરજ. ઓક્ટોબર ૧૯૯૮ની બૃહદ્ ગુજરાત સંગીત સમિતિ (અમદાવાદ)ની પરીક્ષામાં ૧૭ ભાઈઓ તથા બહેનો બેઠાં હતાં. પ્રારંભિકથી મધ્યમાં સુધીની ગાયન, હાર્મોનિયમ તથા તબલા વાદનની પરીક્ષામાં વ્યક્તિ વિશેષ યોગ્યતા સાથે, ૧૩ વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં અને ૩ વિદ્યાર્થી દ્વિતીય વર્ગ મેળવી પાસ થયા છે.

**ફેબ્રુઆરી:** ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાકદિન પ્રસંગે દિવ્યજીવન સંઘના સક્રિય સભ્ય અને ભારતીય રેડક્રોસની ભાવનગર શાખાના સંનિષ્ઠ કર્મચારી શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. શ્રી જયંતભાઈ વાનાણી પરિવારના સહયોગથી શિશુવિહારમાં જાન્યુઆરીમાં ૫૬મો નેત્રયજ્ઞ થાય છે. આ વર્ષનો નેત્રયજ્ઞ તા.૧૬ થી ૨૧ સુધી યોજાયો. તેમાં કુલ ૧૩૮૫ દર્દીઓને તપાસીને વિના મૂલ્યે દવાઓ આપવામાં આવી. ૭૧ દર્દીઓના ઓપરેશન વીરનગરની શિવાનંદ મિશન આઈ હોસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો તથા સ્ટાફ દ્વારા બધાં જ ઓપરેશનો પ્રભુકૃપાથી સફળ રહયાં હતા.

**માર્ચ:** શરીરને નીરોગી રાખે તેવા આયુર્વેદની ઉત્તમ ઔષધીઓના ઉકાળાનું પરબ શિશુવિહારમાં ઘણાં વરસોથી ચાલે છે. આ પરબ સંસ્થાના સેવાભાવી આજીવન સભ્ય શ્રી નિશીથભાઈ પરિવારના સહયોગથી શરૂ થયેલ છે. દરરોજ સાંજે ક્રીડાંગણમાં આવતા નાનાં-મોટાં અસંખ્ય લોકો ઉકાળા

પરબનો લાભ લે છે. ઉપરાંત રોજ સવારે બાલમંદિરમાં આવતાં બાળકો-ભૂલકાઓ પણ તેને આપવામાં આવતો પૌષ્ટિક ભાગ ખાતા પહેલાં હોંશે-હોંશે ઉકાળો પીવે છે. ઉકાળા પરબને પ્રોત્સાહન આપવા માટે શ્રી નિશિથભાઈના સ્નેહીજનોએ પણ રૂા.૧૫૦૦૦ની સહાય કરેલ છે.

બુધસભામાં કવિશ્રી કુતુબભાઈ આઝાદ, (વહોરા કોમના સમાજ સેવક, 'તમન્ના' નામના ગઝલ માસિકના તંત્રી), ગઝલકાર, વાર્તાકાર, લેખક અને દેશભક્ત આઝાદ શિશુવિહાર બુધસભામાં પધાર્યા હતા. બગસરાના વતનીએ જીવનની ઘણી તડકી-છાંયડી જોઈ છે. પિતાજીના ગલ્લામાંથી પાવલીની ચોરી કરી છે, દુકાનના પાટિયા ઉપર સુઈ રહેવું પડ્યું છે. ફિલ્મ-પટકથા લખવા દરવાજા ખખડાવ્યાં છે. પિતાજીનું અકાળે દેહાવસાન થતા શિક્ષક અને શિક્ષણ સંચાલક તરીકે કાર્ય કર્યું છે. રાજકારણમાં ભાગ લીધો. હિંદુ-મુસ્લીમ એક્તા, રાષ્ટ્રપ્રેમ, વોરા કોમનું ઉત્થાન અને ગઝલ લેખનના ચાહક શ્રી આઝાદે ગુજરાતી સાહિત્યને ૧૧ પુસ્તકો આપ્યા છે. બુધસભામાં એમના પ્રશંસકો મુશાયરો માણવા છેક ઉનાથી આવ્યા હતા. ભાવનગરના ગઝલ પ્રેમીઓ પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં. ફેબ્રુઆરી ૧૯૯૯ની તા. ૨૦-૨૧-૨૨ ભાવનગર જિલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા ૨૪મી જિલ્લા રેલી તથા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. તેમાં ૩૦૦ જેટલા સ્કાઉટ-ગાઈડે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રેલીમાં શિશુવિહાર ઓપન ટ્રુપના ૧૬ સ્કાઉટ અને ૩ ગાઈડ જોડાયાં હતાં. તેમણે દળ વ્યાયામ સ્પર્ધા, માર્ચપાસ સ્પર્ધા, તંબુ નિરીક્ષણ સ્પર્ધા તથા કેમ્પ ફાયરમાં બીજા નંબરે આવીને શિશુવિહાર ઓપન ટ્રુપને ગૌરવ અપાવેલ છે.

**એપ્રિલઃ** શ્રદ્ધાંજલિ: શિશુવિહારના આજીવન સભ્ય, માજી ઉપપ્રમુખ અને સ્નેહાળ દાતા શ્રી લાભશંકર મગનલાલ વ્યાસ (ઉંમર વર્ષ ૮૬) ના દેહાવસાનથી સંસ્થા પરિવારને અને ભાવનગરને એક સેવાભાવી શુભેચ્છક વડીલની ઘણી મોટી ખોટ પડી છે. માર્ચ માસમાં રમકડાં ઘરના બાળ સભ્યોની સંખ્યા બાવન હતી અને બાળપુસ્તકાલયની સભ્ય સંખ્યા ૩૮ હતી. શૈક્ષણિક તેમજ બુદ્ધિ ચાતુર્યનાં નવાં રૂ.૧૨૦૦ની કિંમતના રમકડાં ખરીદ કરવામાં આવ્યાં છે. એપ્રિલ ૧૯૯૯ થી રમકડાં ઘરની માસિક ફી રૂ. ૨૫, વાર્ષિક ફી રૂ. ૨૨૫ તથા અનામત રૂ. ૧૫૦ રાખેલ છે.

**મેઃ** શ્રી ઈન્દ્રવદનભાઈ એમ. શાહ તથા શ્રીમતી જયાબહેન ઈન્દ્રવદન શાહના સૌજન્યથી શિશુવિહારનો ૫૮મો નેત્રયજ્ઞ બે જૂદાં-જૂદાં નેત્રનિદાન કેમ્પોના આયોજન દ્વારા થયો. પહેલો કેમ્પ રવિવાર તા.૧૮-૪-૯૯ ના રોજ ભાલ



પ્રદેશનાં ગામડાંઓના દરદીઓ માટે, નવાગામના ઢાળ ઉપર શ્રી હરદેવગિરિજીના આશ્રમમાં થયો. બધાને જમવાની અને ચા-પાણીની વ્યવસ્થા આશ્રમ તરફથી કરવામાં આવી. બીજો કેમ્પ રવિવાર તારીખ ૨૫-૪-૯૯ના રોજ ભાવનગરના દર્દીઓ માટે સર તખ્તસિંહજી હોસ્પિટલમાં થયો. આ બંને કેમ્પમાં મળી કુલ ૩૩૬ દરદીઓને આંખના નિષ્ણાત સર્જન ડૉક્ટરોએ તપાસ્યા. બધાને જરૂરી દવાઓ વિનામૂલ્યે આપી. તેમાંના ૫૧ દરદીઓને મોતિયો ઉતરાવીને નેત્રમણિ મુકવાનાં ઓપરેશનો કરવા સર તખ્તસિંહજી હોસ્પિટલમાં દાખલ કરાયા. કચ્છ-ભૂજથી ધન્વતરી સ્કૂલના સંચાલક ડૉ.શાંતુબેન પટેલ લખે છે: ''નમસ્કાર. અમારી સંસ્થાનાં રોઝમીનબેન પાંચ દિવસ અવલોકન માટે આવ્યા હતા. તેમને ત્યાં ખૂબ શીખવાનું અને જાણવાનું મળ્યું. આપની સંસ્થાનાં બાળકો,કાર્યકરો તથા કાર્યપદ્ધતિ ઘણી પ્રભાવશાળી રહી. તેમને આપ તથા અન્ય કાર્યકર્તાઓ દ્વારા જે અમૂલ્ય સમય અપાયો તેના માટે અમે અત્યંત ૠણી છીએ.'' શિશુવિહારનાં બે નવાં પ્રકાશનો: (૧) ગિરીશકાકાના કાવ્યો : લેખક: ગિરજાશંકર મ.ભટ્ટ. કવિતાઓ રચનાર જ નહીં પણ કવિતા જીવનાર ગાંધીયુગના કવિ શિક્ષકના ૩૩ ઉત્તમ કાવ્યોનો સંગ્રહ ગુજરાતી ભાષાને મળ્યા છે. (૨) બાલવંદના ચિંતનાત્મક વિચારો: 'બાલવંદના' પુસ્તકમાં બાળકો વિષે મહાપુરુષોએ કહેલા સૂત્રાત્મક વિચારો છપાયા છે. તેનો સંગ્રહ કરી આ પુસ્તિકામાં પ્રગટ કરેલ છે. પડતર કિંમત : ટપાલ રવાનગી સાથે રૂ. ૩-૫૦

**જુનઃ** શ્રેષ્ઠ શિક્ષક સન્માન: શિશુવિહારમાં છેલ્લાં નવ વરસોથી શ્રેષ્ઠ નાગરિકનું તથા એક શ્રેષ્ઠ શિક્ષકનું જાહેર સન્માન કરવામાં આવે છે. સ્વ. હરિભાઈ નારણભાઈ ચૌહાણના સહયોગથી તેઓના પિતાશ્રીના સ્મરણાર્થે સમારંભનું આયોજન થાય છે. ૧૯૯૮-૯૯ ના વરસનો શ્રેષ્ઠ નાગરિકનો એવૉર્ડ શ્રી વિજયકુમાર ગણપતભાઈ નાયક તથા શ્રેષ્ઠ શિક્ષકનો એવૉર્ડ શ્રી દીનકરભાઈ બળદેવભાઈ વ્યાસને લોકભારતીના કુલ નાયક શ્રી મનસુખભાઈ સલ્લાના વરદ્ હસ્તે એનાયત થયેલ છે. જનતાજનાર્દનની સ્વૈચ્છિક સહાયનું પવિત્ર ઝરણું સદાય વહેતું રહે છે. મે માસના દાતાઓના નામની તથા દાનની યાદી નીચે મુજબ છે. રૂા. ૫૦૦૦ સદ્ગુરુ પૂજ્ય જ્ઞાનજીવનદાસજી હસ્તે શ્રી રમેશભાઈ આહલપરા, રૂા. ૧૦૦૦ ડૉ. શ્રી મનોરમાબહેન. તા. ૧૬ થી ૨૫ ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા નેશનલ એડવેન્ચર ઈન્સ્ટીટયુટ પંચમઢી - મધ્યપ્રદેશમાં ૧૦૦મો નેશનલ એડવેન્ચર કેમ્પ થયો. આ કેમ્પમાં ભાગ લેવા શિશુવિહાર ઓપન ટ્રુપના ૬ રોવર્સ, ૩ સ્કાઉટ અને ૧

ગાઈડ ગયા હતા. આ કેમ્પમાં સ્કાઉટીંગના વિષયો ઉપરાંત રોક કલાઈબિંગ, નાઈટ ટ્રેકીંગ, બોટીંગ, બ્રીજ મેકીંગ વગેરેની તાલીમ આપવામાં આવી. ઉપરાંત ૧૨૦ કીલો મીટરનું પગપાળા જંગલ ટ્રેકીંગ સફળતાપૂર્વક થયું.

શિશુવિહારના સ્વયં સેવકોએ રાષ્ટ્રીય કક્ષાએ સેવા આપી તે શિશુવહાર માટે તથા ભાવનગર જિલ્લા સ્કાઉટ-ગાઈડ સંઘ માટે ગૌરવની વાત છે. શ્રી ચંદુભાઈ રાજ્યગુરૂના અંગ્રેજીના વર્ગો તા. ૧૫ થી શરૂ થયા છે. બે માસ ચાલશે. અંગ્રેજી ગ્રામરનું તથા ભાષાનું શિક્ષણ લેવા માટે આ વર્ગમાં હાઈસ્કૂલના તથા કોલેજોના ૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો દાખલ થયા છે. સ્વ. હોમીભાઈ કોચબિલ્ડર તથા સ્વ. કાશીબહેન નર્મદાશંકર દવે તરફથી મળેલ કાયમી ફંડની રકમના વ્યાજમાંથી જે વિધવા અથવા ત્યકતા બહેનો સીવણ કે બીજો કોઈ ઉદ્યોગ શીખી પગભર બનવા પ્રયત્ન કરતી હોય તેને સહાય કરવાની યોજના છે. આ વરસે ૯ બહેનોને દરેકને રૂા. ૪૦૦ની સહાય કરવામાં આવી છે.

**જુલાઈઃ**શિશુવિહારમાં પ્રભુપ્રીત્યર્થે જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવનારા ભણેલા ગણેલા સેવાભાવી માનદસેવકોનું સદ્ભાગ્યે સારુ જૂથ છે. તેમ છતાં સંસ્થાની તમામ સેવા પ્રવૃત્તિઓનો મૂળ આધાર તો મહેનત કરીને રોજી-રોટી કમાતી અને કુટુંબનો નિભાવ કરવા બીજા પણ તનતોડ કામ કરતી સંસ્થાની પૂજારિણીઓ જ છે. આ બહેનો શિશુવિહાર ક્રીડાંગણનો મોટો વગડો, બાલદેવવન, પાર વિનાનાં મકાનો, મોટા મોટા મંડપો કાયમ વાળીચોળીને સાફ રાખે છે. ઝાડપાનની સંભાળ રાખે છે. સંસ્થાનું પરબ ચલાવે છે. અને નેત્રયજ્ઞ જેવા સેવાનાં કામમાં જરૂર પડે ત્યાં મદદમાં દોડી આવે છે. કુટુંબ સાથે કુટુંબાભાવે સંસ્થામાં જ રહેતી પૂજારિણીઓના નામનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે. (૧) શ્રી ધનીબેન ભગવાનભાઈ વાળા (૨) શ્રી શાંતુબેન ચંદુલાલ પરમાર (૩) શ્રી મધુબેન નરસીભાઈ મકવાણા (૪) શ્રી નયનાબેન પ્રભુદાસ દૂધરેજિયા (૫) શ્રી સરોજબેન પ્રકાશભાઈ દુધરેજિયા. આ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલા ઘણું ભણેલાં બહેનો પણ પ્રસાદરૂપ જ પુરસ્કાર લઈને પોતે સ્વીકારેલ સેવાને પોતાની રોજીંદી કૌટુંબિક જવાબદારી જેમ સમજીને સેવા આપી રહ્યાં છે. તેઓની આ સેવાભાવના જ સંસ્થાને ઉજળી બનાવે છે. સંસ્થાની નિષ્કામ જનસેવાની પ્રતિષ્ઠાનાં આધાર સમી આ પૂજારિણીઓના કામની નોંધ લેતા અત્યંત આનંદ થાય છે. - (માનભાઈ ભટ્ટ). શિશુવિહાર સંસ્થા તથા લોકસેવક મંડળના સંયુકત ઉપક્રમે સરદાર સ્મૃતિમાં



શિશુવિહારનાં સ્કાઉટ-માસ્ટર, શ્રી હરેશભાઈ ભટ્ટના હોબી સંગ્રહનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન મહારાજા કુમાર શ્રી શિવભદ્રસિંહજીના વરદ્ હસ્તે મંગળદીપ પ્રગટાવીને થયું. ભાવનગરની ઘણી નિશાળનાં વિદ્યાર્થી ભાઈબહેનો, યુવાનો તથા નાગરિકો આ પ્રેરણાત્મક હોબી પ્રદર્શન જોવા આવ્યા હતા.

**ઓગસ્ટઃ** તા.૨૭ એ શિશુવિહાર તરફથી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના ઉદ્ઘાટન પ્રસંગે મુંબઈથી પધારેલા સ્વાતંત્ર્ય સેનાની અને રાજનીતિજ્ઞ શ્રીમતી ડૉ.ઉષાબહેન મહેતા અને શ્રીમતી નીરાબહેન દેસાઈનું જાહેર સન્માન ભારતની હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ આદરણીય શ્રી બટુકભાઈ મહેતાના પ્રમુખસ્થાને થયું. આ અમૂલ્ય અવસરને દીપાવવા સંસ્કારી નાગરિક ભાઈ-બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

**સપ્ટેમ્બરઃ** ૧૫મી ઓગસ્ટે સવારે સાડા સાત વાગે શિશુવિહારના વિશાળ પટાંગણમાં ડૉ.આઈ.કે.વિજળીવાળાના વરદ્હસ્તે ધ્વજવંદન થયું. ડૉ.વિજળીવાળા બાળ આરોગ્યના નિષ્ણાંત છે. બાળ ઉછેર તથા બાળકોની તંદુરસ્તીના પ્રચારક છે. રોગ થયા પછી મટાડવાની સારવાર કરવા કરતા રોગ થાય જ નહીં તેની સાવચેતી રાખવા માટે મા-બાપોને ઉપયોગી માર્ગદર્શન આપનાર બાળપ્રેમી ડૉક્ટર છે.

**ઓકટોબરઃ** નવા વરસનો શુભ દિવસ શિશુવિહારની સ્થાપનાનો દિવસ છે. સંવત ૨૦૫૬ ના નૂતન વર્ષના દિવસે શિશુવિહારને ૫૯ વર્ષ પૂરાં થઈને ૬૦ મું વર્ષ બેસશે. મું. માનભાઈ તથા તેના શ્રમજીવી મજૂર મિત્રોએ જમનાકુંડની ખરાબાની નધણિયાતી જગ્યામાં જાતમહેનતથી બનાવેલ એક હીંચકો ઉભો કરેલ ત્યાં આજે ૧૦ હજાર ચોરસવાર કરતાં પણ વધારે જગ્યામાં નિષ્કામ જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. શૂન્યમાંથી થયેલ આ સેવાભાવી સર્જનમાં વિતેલા વર્ષમાં અનેક શુભેચ્છકો, સંસ્થાના સભ્યો, દાનવીર દાતાઓ તથા નિષ્ઠાવાન કર્મચારીઓએ સંસ્થાના સેવાયજ્ઞમાં અપૂર્વ ફાળો આપેલ છે. એ સૌને સંસ્થાની ૬૦મી વર્ષગાંઠના અને નૂતનવર્ષના હાર્દિક અભિનંદન સાથે વંદન.

**નવેમ્બરઃ** જીવન વ્યવહારની અનેકવિધ મુશકેલીઓનો સાથે મળીને સામનો કરવો પડશે. તેમાં સૌથી વિશેષ જરૂર છે સ્વયંશિસ્તની બીજા શું કરે છે તે જોયા વિના આપણે શું કરવું જોઈએ તેનો વિચાર કરીને અમલ કરીએ તો બધા પ્રશ્નો સરળતાથી ઉકલે. - માનભાઈ ભટ્ટ. મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર ‘પ્રબુદ્ધજીવન’ના તંત્રી શ્રી રમણલાલ ચી. શાહે સાહિત્ય ક્ષેત્રે ઘણું મોટું અને મહત્વનું પ્રદાન કર્યુ છે. તેઓએ પોતાના તમામ લખાણોના

કોપીરાઈટના વિર્સજનનો સ્વૈચ્છિક નિર્ણય જાહેર કર્યો છે. ઈચ્છા અને અનુકૂળતા હોય તે બધા લેખકોએ શ્રી રમણલાલભાઈનો કોપી રાઈટ વિર્સજનનો માર્ગ અપનાવવા જેવો છે. આપણા દેશમાં કોપીરાઈટનો આર્થિક લાભ લેખકને નજીવો મળે છે. ધંધાદારી પ્રકાશકો જ વધારે લાભ લેતા હોય છે. લેખકને પુસ્તકરૂપે છપાયેલા પોતાના લખાણના સર્વહકકક સ્વાધીન હોય છે. તેને કાયદેસરના કોપીરાઈટ મળે છે. કોપીરાઈટના કાયદા મુજબ લેખકની રજા સિવાય એનું પુસ્તક છપાવી શકાતું નથી. પરંતુ શ્રી રમણલાલભાઈએ પોતે લખેલા ૮૦ થી પણ વધારે પુસ્તકોના સર્વહકક સ્વાધીન (કોપીરાઈટ) જતા કર્યા છે. જે અનુકરણીય બને છે.

**ડીસેમ્બરઃ** તા.૨૭ ના રોજ પરમ પૂજ્ય સ્વામી તદ્‌રૂપાનંદજી સરસ્વતીના વરદ હસ્તે દીપ પ્રગટાવીને હિરક જયંતી વર્ષનો પ્રારંભ થયો. આ પ્રસંગે પૂજ્ય સ્વામિની તન્મયાનંદજી સરસ્વતી પણ પધાર્યા હતા. ભાવનગરની અનેક સેવાભાવી સંસ્થાઓના સંચાલકો, સદ્‌ભાવી નાગરિકો, સંસ્થા પરિવારના સભ્યો, સહાયકો અને શુભેચ્છકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. હીરક જયંતીના ઉદ્‌ઘાટન સાથે જ સંસ્થાના સ્થાપક, સેવક અને વડીલ મુરબ્બી માનભાઈના જીવનચરિત્ર પુસ્તક ‘હાથે લોઢું હૈયે મીણ’નું વિમોચન થયું. જીવનચરિત્રના લેખિકા શ્રીમતી મીરાંબહેન ભટ્ટ સંત વિનોબાજીના આશ્રમમાં, તેઓના સાંનિધ્યમાં ઉછરેલા છે. ભૂમિદાનની ભાવનાનાં પ્રચારક છે.

શિશુવિહારની સ્થાપનાથી જ સંસ્થાના પાડોશી સ્વજન, સત્યાગ્રહી વીર આત્મારામભાઈ ભટ્ટના પુત્રવધૂ છે. માનભાઈ જેવા મૂક સેવકનું જીવન ચરિત્ર લખવાની ઉત્તમ આવડત અને સૂઝ ધરાવી છે. આવા લોકપ્રિય સમર્થ લેખકને હાથે આ પુસ્તક લખાયું તે શિશુવિહારનું મોટું સદ્‌ભાગ્ય છે. આવું સુંદર જીવનચરિત્ર લખવા માટે સ્વામીજીએ મીરાંબહેનનું શાલ ઓઢાડીને તથા સ્મૃતિ ભેટ આપીને સન્માન કર્યુ હતું. આ પ્રસંગે શિલ્પ કલાકાર શ્રી દેવરાજભાઈ સૂત્રધારે આંધળા મા-બાપને કાવડમાં બેસાડીને જાત્રાએ લઈ જતાં શ્રવણની પૂરા કદની લાકડાની કલામય મૂર્તિ બનાવીને શિશુવિહારને ભેટ આપી. આ મૂર્તિનું સ્વામીજીએ ઉદ્‌ઘાટન કરીને શ્રી દેવરાજભાઈનું સન્માન કર્યુ હતું. એ જ રીતે જ્ઞાનયજ્ઞોમાં અને સેવાયજ્ઞોમાં દાનની ગુપ્ત ગંગા વહેવડાવનાર શ્રી જયંતભાઈ વાનાણી (બુધાભાઈ)નું પણ સ્વામીજીને હાથે અભિવાદન થયું.





REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામઃ ‘**શિશુવિહાર**’
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબરઃ 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** **Shishuvihar Bhavnagar**
**Shishuvihar** **Shishuvihar**

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, સૃષ્ટિબેન સોલંકી, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199